અતિવૃષ્ટિના કારણે ભારે નુકશાન થતા સરકાર દ્વારા સર્વેમાં જરૂરિયાતમંદોને અન્યાય થતા

# અમરેલીમાં કોંગ્રેસે મૌન રેલી યોજી આવેદનપત્ર આપ્યું

## આવેદનપત્ર પાઠવી લીલીયા, કુંડલાના ગામોમાં રીસર્વે કરવા માંગણી ઉઠાવી : યુવક કોંગ્રેસના શ્રી પ્રતાપ દુધાતની રજુઆત





અમરેલી,અમરેલી જિલ્લામાં અતિવૃષ્ટિના સર્વેમાં અન્યાય થતા કોંગ્રેસ અને યુવક કોંગ્રેસે આજે મૌન રેલી યોજી કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. અને જણાવ્યું હતું કે, લીલીયા,સા.કુંડલા તાલુકાના ગામોમાં જમીન ધોવાણ, મકાન માલઢોર, ઘરવખરીને ભારે નુકશાન થયું હતું. કોઈ સહાય આપેલ નથી. લોકોને ગેરમાર્ગે દોરી અન્યાય કરેલ હોવાથી રીસર્વે કરી તાત્કાલ ચુકવણું કરવા અને લીલીયાના આંબા ગામે મુકેશભાઇ દેવીપુજક તણાઈ ગયેલ છતા હજુ લાશ મળી નથી તેની ફરિયાદો કોઈ પ્રત્યુતર નથી પરિવારને સહાય આપવા ધારાસભ્યશ્રી ધાનાણીએ માંગણી કરી છે.તે પ્રસંગે પ્રતાપ દુધાત, કેહુરભાઇ ભેડા, શરદભાઈ ધાનાણી, નંદલાલ ભડકણ, અલ્કાબેન ગોંડલીયા, હંસાબેન જોષી, બહાદુરભાઈ, માનસીંગભાઈ ડોડીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

દર વર્ષની જેમ આ વર્ષે પણ પરંપરાગત રીતે ભજન, ભોજન અને ભક્તિનો ત્રિવેણી સંગમ સર્જાશે

# પરબધામમાં અષાઢીબીજ ઉજવવા તૈયારી

## ધ્વજારોહણ, પર્જન્યયજ્ઞ, હોમહવન, સહિતના ધાર્મિક પ્રસંગો : પરંપરાગત ઢબે ઉજવણી કરાશે

ચમારડી, સૌરાષ્ટ્ર ના અતિપ્રાચીન અને પૌશણિક તીર્થીધામ પરબધામ (પરબવાવડી) ખાતે ૧૮ જુલાઇ ના રોજ અષાઢી બીજની ઉજવણી માટે તડામાર તૈયારી ઓ ચાલી રહી છે હજારો આસ્થાના પ્રતિક ગણાતા પરબધામ ખાતે મહેત પુ. કરશનદાસબાપુ ની અધ્યક્ષતામાં અને લઘુમરંત પુ. રાજેન્દ્રદાસ બાપુના માર્ગદર્શન હેઠળ આગામી તા.૧૮મીના રોજ અષાઢી બીજ મહોત્સવ ઉજવાશે આ પ્રસંગે ધ્વજારોહણ પર્જન્યયક્ષ હોમ હવન સહિતના ધાર્મિક આયોજનો સાથે બે દિવસીય સાંસ્કૃતિક લોક મેળાનુ આયોજન કરવામાં આવ્યુ છે અષાઢીબીજનુ ભારે મહત્વરોય પરબધામ ખાતે બે દિવસમાં અંદાજે ૨૫ લાખ થી વધુ ભાવિકો દેશ વિદેશો માંથી ઉમડી પડે છે આ કદાચ પ્રથમ ઘટના કરી શકાય કે જયા લાખો ભાવિકો એક જ રસોડે મરાપ્રસાદ લાભ લેતા હોય પરબધામના મસાકાય વિશાળ રસોડા ઓમાં અત્યાર થી જ તૈયારી ઓ શરૂ થઈ ચુકી છે રોટલી અને શાક દાળ માટે સૌથી વધુ ચુલાઓ તૈયાર કરાયા છે




પરબની પાવનભુમિ સંતદેવીદાસ અને અમર માં એ આશરે ૬૦૦ વર્ષ પરેલા અષાઢીબીજ ના રોજ જાવતા સમાધિ લીધીહતી.

સ્વધામ સિધાવ્યા ત્યારે નવનાજ અને ચોર્યાસી સિધ્ધો અને દેવતાઓ એ વરદાન આયુ હતુ સે અષાઢીબીજના રોજ મહાપ્રસાદ લેવા અને દર્શન કરવા અચુક પધારશે જોકે વર્ષથી લોકવાયકા છે કે અષાઢી બીજના દિવસે આ દિવ્ય આત્માઓ સુરમ સ્વરૂપે અચુક પરબધામ પધારે છે સૌરાષ્ટ્રમાંથી આ દિવસે ભકિતનો વિરાટ સંમદર પરબધામ ઉમટે છે

ત્યારે અષાઢી બીજની ઉજવણીમાટે અને મરાપ્રસાદ માટે આંબાડીની વિશાળ જગ્યામાં ઠેરઠેર ભોજન માટે બુફે કાઉન્ટર ઉભા કરાયા છે અને મહાપ્રસાદના આયોજન માટે કાર્યકરોની વિશાળ ટીમ તૈયાર કરવામાં આવી છે.

## અમરેલીની 3 વર્ષની બાળાએ રોજુ રાખ્યું



અમરેલી,અમરેલીમાં મીરસાહેબની ગલીમાં રહેતા ઈમરાનભાઈ બોદલા અને સલમાબેનની ૩ વર્ષની બાળકી ખુશીએ રમજાનમાં રોજુ રાખી ઈબાદત કરી હતી.

## જુલાઇ માસની સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક તા.૧૭મીએ યોજાશે

અમરેલી,દસ માસના ત્રીજા શનિવારે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજવામાં આવે છે. ચાલુ માસે ત્રીજા શનિવારે જાહેર રજા આવતી હોવાથી જુલાઈ માસની સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક તા.૧૭ જુલાઈ-૨૦૧૫ને શુક્રવારે રોજ યોજવામાં આવશે. જેની અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓ તથા અન્યો સંબધિતોને નોંધ લેવા નિવાસી અધિક કલેકટરશ્રી-અમરેલીની એક યાદીમાં જણાવાયં છે.



॥ નમ્ર વિનંતી ॥



### ગૌ મૈયાને કાયમી સલામતિ માટેનું અભિયાન
### નગરજનોના મંગલ સહયોગ માટે અપીલ

અમરેલી જિલ્લાની સૌથી જુની અને સૌથી મોટી પાંજરાપોળ ગૌશાળામાં આજે ૮૫૦ સંખ્યા જેટલી ગૌમૈયાને નિભાવવામા આશરો આપવામા માંદગી સામે સારવાર કરવામા આવે છે.

તન - મન - ધનથી ગૌ મૈયા માટે અમરેલીના ગૌ પ્રેમી દાતાઓ મુલ્યવાન સાથ સહયોગ આપે છે.

કુદરતના અવાર નવાર કોપ સામે જાન - માલ - મિલ્કતનું ભારે નુકશાન સંસ્થાને થાય છે. તા.૨૪/૬/૧૫ બુધવારના ગોઝારા દિવસે નુકશાન સંસ્થાને થયેલ ૨૫ લાખ રૂપીયા જેટલુ નુકશાનનો આપ સૌને ખ્યાલ છે. માલ અને મિલ્કતના નુકશાન સામે ગૌ પ્રેમી દાતા સહયોગ આપે છે અને નુકશાન ભરપાઈ થાય છે. પરંતુ પાણીના ધસમસતા પ્રવાહમાં ગૌ મૈયા અને તેના વંશની જાનહાની સામે સૌ લાચાર છે.

આ સંસ્થાના અબોલ ૮૫૦ જેટલા પશુઓ માટે ખોરાક પલળીને નુકશાન થવાથી તુરત જ પશુ આહાર લેવો પડે તેવી પરિસ્થિતિ છે. તેની અંદાજીત કિંમત ૮,૦૦,૦૦૦ (આઠ લાખ) જેવી થાય. ફકત અબોલ પશુના આહાર માટે આપ સહાય કરી પુણ્યનું ભાથુ મેળવી શકો છો. આ સંજોગોમાં સ્વ. ભાયલાલભાઈ સાવલીયાએ દાનમાં આપેલ પ્રતાપપરાના રસ્તે આવેલ ૭ વીઘા અંદાજીત જમીનમાં વર્તમાન પાંજરાપોળ ગૌશાળા ફેરવી નાખવાનું સમગ્ર ટ્રસ્ટી મંડળે નક્કી કર્યુ છે. આ યોજનાથી અતિવૃષ્ટ્રિના પ્રસંગે જાન માલ અને મિલ્કતના સંભવીત નુકશાનમાંથી બચી શકાય.

અમરેલી નગરમાં આ સૌની સંસ્થા છે. તો નગરજનો પાસે આ યોજના સાકાર કરવા તન - મન -ધનથી સહકાર માટે અપીલ છે.ગૌ રક્ષા કવચ આ યોજના માટે અમરેલીના નગરજનો દૈનિક દાન યોજનામા સામેલ થવા અપીલ છે. દાનની રકમ સ્થળ ઉપર લેવા સેવક રૂબરૂ આવશે. રૂા.૧૦/- કે તેથી વધુ રકમનું દૈનીક દાન આપવા માટે - ભાવના ધરાવતા વ્યકિતએ સંપર્ક સાધવા વિનંતી છે. દાનપેટી પણ કાર્યાલયમાંથી વિનામુલ્યે આપવામા આવશે. પોતાના વ્યવસાય કેન્દ્રમાં દાનપેટી રાખવા માટે વિનંતી છે. હાલ બને યોજના અમલમાં છે. હાલ દૈનિક દાન આપનારનો આભાર

**તા.ક.** પાંજરાપોળ - ગૌ શાળા - અમરેલી માટે ઓફીસ વર્ક, પત્ર વ્યવહાર વગેરે કામકાજ તેમજ (કોમ્પ્યુટરમાં) ગુજરાતી ટાઇપીંગ કરી શકે તેવા વ્યકિતની જરૂર છે. (તા.ક. નિવૃત કર્મચારીને પ્રથમ પસંદગી કરવામા આવશે. તા.૨૫-૭-૨૦૧૫ સુધીમાં ઇચ્છીત વ્યકિતએ સવ.હસ્તાક્ષરમાં અરજી સાથે નીચેના સરનામે ઓફિસ કાર્યાલયનો સંપર્ક કરવો)

લી. પાંજરાપોળ ગૌશાળા - અમરેલી પાણી દરવાજા રોડ, જૈન દેરાસર પાસે, ''જીવદયા ભવન'' અમરેલી.

**સમગ્ર ટ્રસ્ટી મંડળ**

સંપર્ક : કાર્યાલય ફોન ૨૨૨૮૧૧ સવારે ૯-૩૦ થી ૧૨-૩૦ / બપોરે ૪-૩૦ થી ૭-૩૦

### પાંજરાપોળ ગૌ શાળા અમરેલી ટ્રસ્ટી મંડળના ગૌ માતા

રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'

### અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.

ગીરધરભાઇ શોપીગ સેન્ટર, હેડ પોષ્ટ ઓફિસ સામે અમરેલી

**સભાસદો જોગ**

### લોનમેળાનો લાભ લેવા વિનંતી

આથી અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લી અમરેલીના દરેક સભાસદોને જાણ કરવામાં આવે છે કે આ મંડળીના સભાસદને વેપાર, ધંધો કે અંગત કારણોસર વ્યક્તિગત તેમજ મોર્ગેજ ધીરાણ આપવાની કાર્યવાહિ લોન મેળા દ્વારા ચાલુ છે તો દરેક સભાસદે તેનો લાભ લેવા વિનંતી .

**નોંધઃ ફીક્સ ડીપોઝીટ ઉપર આકર્ષક ભેટ આપવાની યોજના ચાલુ છે.**

**વિશ્વાસ લોકોનો અને મહેનત અમારીનુ આ છે પરિણામ**

### પ્રગતીની હરણફાળ ની એક ઝલક

| ફીક્સ ડીપોઝીટ | શેરભંડોળ | જિલ્લાબેંકની કેશ ક્રેડીટ |
|---|---|---|
| રૂા.૧,૬૫,૪૬૩૯૬ | રૂા.૮૬,૧૭,૪૦૦ | ૧,૬૫,૦૦૦૦૦ |
| **સભાસદ ધીરાણ** | **દૈનિક બચત** | **સભાસદ સંખ્યા** |
| રૂા.૩,૨૯,૬૨૩૮૬ | રૂા.૨૨,૩૮૯૯૬ | ૩૦૩૮ |

**સભાસદ બનનારને થતા ફાયદા**

- અકસ્માત વિમા કવચ રૂા.૧૦૦૦૦૦/- (એકલાખ)
- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ઉપરાંત ભેટ
- ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.૫ % નું આકર્ષક વ્યાજ ઉપરાંત સુંદર ભેટ
- દૈનિક બચતકારને ૧૧ % નું આકર્ષક વ્યાજ ઉપરાંત સુંદર ભેટ
- સભાસદોને જરૂરીયાત મુજબ લોનની સરળ સુવિધા

**ફીક્સ ડીપોઝીટ ઉપર ૧૨.૫% નું આકર્ષક વ્યાજ આપતી ગુજરાતની એક માત્ર સંસ્થા**

| | |
|---|---|
| **ભરતભાઇ ચૌહાણ** | **કીશોરભાઇ જાની** |
| તંત્રી અવધટાઇમ્સ | ખ્યાતી આર્કટેક્ટ |
| ચેરમેન | એમ.ડી. |




## અષાઢી બીજ અને ઇદના તહેવારમાં બંદોબસ્ત જાળવવા પોલીસ તંત્ર સજજ

# જિલ્લામાંથી ૩૦૦ ઉપરાંત પોલીસ કર્મચારીઓને ભાવનગર મોકલાયા

### ભાવનગર શહેરમાં રાજયના બીજા નંબરની રથયાત્રામાં અમરેલી જિલ્લાના પોલીસ કર્મચારીઓ બંદોબસ્ત જાળવશે

### અમરેલી જિલ્લામાં અમરેલી અને ખાંભામાં માત્ર શોભાયાત્રા નીકળશે : પોલીસ બંદોબસ્ત : ૩૦૦ પોલીસ કર્મચારી અને ૧૮ અધિકારીઓ બંદોબસ્તમાં મુકાયા

અમરેલી, અમરેલી જિલ્લામાં દર વર્ષે અષાઢી બીજના બંદોબસ્તમાં અમરેલી જિલ્લામાંથી પોલીસ કર્મચારીઓને અન્ય જિલ્લામાં બંદોબસ્તમાં મુકવામાં આવતા હોય આ વર્ષે પણ અષાઢી બીજ નિમિતે ભાવનગર ખાતે યોજાનાર ભગવાનશ્રી જગન્નાથજીની રથયાત્રામાં અમરેલી જિલ્લાના પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓ બંદોબસ્ત જાળવશે. ભાવનગર ખાતે ગુજરાતની બીજા નંબરની અષાઢી બીજના દિવસે પરંપરાગત રીતે ભગવાન જગન્નાથજી ની ત્રીસમી રથયાત્રા સુભાષનગર, ભાવનેશ્વર મહાદેવ મંદિરેથી વાજતે ગાજતે શરૂ થશે. આ રથયાત્રા દરમિયાન બંદોબસ્ત માટે અમરેલી જિલ્લામાંથી ૩૦૦ પોલીસ કર્મચારીઓ અને ૧૮ અધિકારીઓ બંદોબસ્તમાં ફરજ સોંપવામાં આવી હોવાનું સુત્રોમાંથી જાળવા મળેલ છે. શનિવારે ભાવનગર પોલીસ છાવણીમાં ફેરવાશે. અમરેલી જિલ્લામાં અષાઢી બીજના રોજ કોઇપણ તાલુકા મથકોએ રથયાત્રા નિકળતી નથી પરંતુ અમરેલી અને ખાંભામાં શોભાયાત્રા નિકળતી હોય તેને અનુલક્ષીને તેમજ રમઝાન ઇદ તહેવાર ઉજવણીને ઘ્યાને લઇ એસપીશ્રી અંતરિપ સુદ દ્વારા પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે.

# રાજુલાના કોવાયામાં કંપનીના સુપરવાઇઝર ઉપર હુમલો કરનાર આરોપીઓ ઝડપાયા

### મરીન પોલીસે ગણત્રીના કલાકોમાં જ ઉના પંથકમાંથી ચારેય આરોપીઓને દબોચી દીધા

રાજુલા,

રાજુલા કોવાયા ગામે અલ્ટ્રાટેક કું. પાવર પ્લાન્ટમાં રીપેરીંગ માટે પ્લાન્ટ શટ ડાઉન થતા અભીલાષા કંપનીના સુપરવાઇઝરને માર્ગમાં આંતરી ચાર શખ્સોએ હાથપગ ભાંગી નાખી લુંટ ચલાવ્યાના બનાવમાં ફરીયાદ દાખલ થતા એસપીશ્રી અંતરિપ સુદની સુચનાથી મરીન પોલીસે ઉના પંથકમાંથી ચારેય આરોપીઓને ઝડપી લેતા અસામાજીક તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

અલ્ટ્રાટેક પાવર પ્લાન્ટના અભિલાષા કંપનીના સુપરવાઇઝર પુનિત ક્રીશ્ચયન પિલાયને નના કુંભા આહિર, સોમા આહિર, જીલુ આહિર અને એક અજાણ્યા શખ્સ માર્ગમાં આંતરી પાઇપ વડે માર મારી હાથ પગ ભાંગી નાખી રોકડ રૂા. ૫ હજારની લુંટ ચલાવી નાસી ગયાની બનાવની ફરીયાદમાં મરીન પોલીસના પીએસઆઇ વી.એમ.કોલાદ્રા, સ્ટાફના મશરીભાઇ, હોથીભાઇ, અલ્તાફભાઇ વિ.એ ઉના પંથકના રાવળ સમઢીયાળા વિસ્તારમાંથી ચારેય આરોપીઓને ઝડપી લઇ તેમની પાસેથી ચાર લોખંડની પાઇપો અને રોકડ રૂા. ૫ હજાર કજ્જે લઇ કોર્ટમાં રજુ કરવા તજવીજ હાથ ધરી છે.મરીન પોલીસે જણાવેલ છે કે, કંપનીના કોન્ટ્રાકટરો અને શ્રમિકોને કોઇ ખોટી રીતે પરેશાન કરતા હોય તો તેમનું નામ જણાવવું માહિતી આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે. મરીન પોલીસે મારા મારી અને લુંટના બનાવમાં ગણત્રીના કલાકોમાં જ આરોપીઓને ઝડપી લેતા અસામાજીક તત્વો અને લુખ્ખાગીરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

# લીલીયામાં લાયસન્સ વગર ચાલતું સાયબર કાફે પોલીસે ઝડપી લીધુ

### સાયબર કાફેમાં સીસી ટીવી કેમેરા અને રજીસ્ટર નહિ રાખતા પોલીસે ગુનો નોંધ્યો

અમરેલી, અમરેલી જિલ્લામાં ચાલતા સાયબર કાફેમાં લાયસન્સ ઉપરાંત સીસી ટીવી કેમેરા અને રજીસ્ટર રાખવા જાહેરનામું અમલમાં હોવા છતા લીલીયામાં લાયસન્સ વગર સાયબર કાફે ચલાવતા પટેલ યુવાનનું પોલીસે ઝડપી લઇ ગુનો નોંધેલ છે. લીલીયાના પીએસઆઇશ્રી ગોસ્વામિ તથા સ્ટાફના એમ.પી.પંડયા કુલદીપસિંહ, પરમારભાઇ, ગોસાઇભાઇ, વિ.એ લીલીયામાં નીરાલી ઇન્ફોસર્વીસ લી.ના મનસુખભાઇ નાનજીભાઇ ધાનાણી પટેલના સાયબર કાફેમાં ચેકીંગ કરતા લાયસન્સ નહિ હોવું ઉપરાંત સીસી ટીવી કેમેરા અને રજીસ્ટર નહિ રાખતા તેમની વિરૂધ્ધ જાહેરનામા ભંગની કલમ ૧૮૮ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દામનગરના નારણનગરમાં જાહેરમાં જુગાર રમતા ચાર શકુનીઓ ઝડપાયા

### પોલીસે રેઇડ પાડી જુગારની બાજી વિખી નાખી : રોકડ ઝપ્ત

અમરેલી,દામનગરના નારણનગરમાં જાહેરમાં જુગાર રમતા ચાર શખ્સોને ઝડપી લઇ ગુનો નોંધેલ છે. દામનગરના નારણનગરમાં શરા જાહેર તીનપતીનો જુગાર રમતા રમણીક બચુ મકવાણા, ધીરૂ રામજી મેર, વલી મહમદ ઇસ્માઇલ, રમેશ ગોવિંદ કોળીને રોકડ રૂા. ૧૧૧૦સાથેહે.કોન્સ.એસ.એસ.શેખેઝડપીલઇ ગુનો નોંધેલ છે.

# ધારીના વીરપુર ગામમાં અકસ્માતે કુવામાં પડતા યુવાનનું મોત થયું

### કુવામાં પીઢીયુ માથામાં લાગી જતા મોત નિપજયું

અમરેલી, ધારીના વિરપુરમાં રહેતા યુવાનનુ કુવામાં પડી જતા મોત નિપજયુ હતુ.આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર ધારીના વિરપુરમાં રહેતા દિલીપભાઇ નાગજીભાઇ દાફડા (ઉ.વ.૨૨) કુવામાંથી પાણી સીંચવા જતા પગ લપસતા કુવામાં પડતા કુવામાં પીઢીયુ માથાના ભાગે લાગી જતા તેનુ મોત થયાનુ ધારી પોલીસ મથકમાં નાગજીભાઇ ભીખાભાઇ દાફડાએ જાહેર કરતા એએસઆઇ વી.ઓ.વાળાતપાસ ચલાવી રહયા છે.

# રાજુલાના ચાંચમાં પરિણીતાને દહેજ ભુખ્યા સાસરીયાઓનો ત્રાસ

### સાસરીયાઓએ ત્રાસ ગુજારી કાઢી મુકયાની રાવ

અમરેલી, રાજુલાના ચાંચમાં રહેતી મીરાબેન દિનેશભાઇ ચૌહાણની પાસે તેના સાસરીયા અને પતિ દિનેશ ભગવાન, ભગવાન ઉના, ગોરીબેન ભગવાને ટીવી , ફ્રીઝ, ચોકલેટ વિ.ની માંગણી કરી તુ ગમતી નથી તેમ કહી મારકુટ કરી ઘરેથી કાઢી મુકયાની ફરીયાદ સહિત પોલીસ મથકમાં નોંધાવતા એએસઆઇ એમ.બી.નિમાવત તપાસ ચલાવી રહયા છે.

### હીમખીમડીમાં જુગાર રમતા ચાર ઝડપાયા

અમરેલી,ધારીના હીમખીમડીમાં જાહેરમાં જુગાર રમતા ચાર શખ્સોને પોલીસે ઝડપી લઇ ગુનો નોંધેલ છે.આ બનાવની પ્રાપ્તી વિગત અનુસાર ધારીના હીમખીમડીમાં રહેતા અને જાહેરમાં તીનપતીનો જુગાર રમતા હનીફ કાદર બ્લોચ ભરત પોપટ પરમાર, હિમત ચોથા મકવાણા, જયસુખ બાઘાને રોકડ રૂા.૨૪૦૦ સાથે એ.એસ.ઇ.એન.ડી.ગૌસ્વામી એ ઝડપી લઇ ગુનો નોંધેલ છે.

# બાબરામાં મહાકાય કન્ટેનર પસાર થતા સ્ટ્રીટ લાઇટનો સોથ વળી ગયો

### પાલિકા પ્રમુખે પોલીસમાં બે કન્ટેનર સામે પગલા લેવા ફરિયાદ આપી

બાબરા,

બાબરાના કરીયાણા રોડ ઉપર બે દિવસ પહેલા જ મહાકાય કન્ટેનર પસાર થતા અસંખ્ય સ્ટ્રીટ લાઇટોને નુકશાન થતા પાલિકા પ્રમુખે પોલીસમાં ફરિયાદ આપી છે. બાબરા પાલિકા પ્રમુખ દ્વારા પોલીસમાં અપાયેલ ફરિયાદમાં જણાવ્યા મુજબ બાબરા કરિયાણા રોડ ઉપર પવન ચકકીના વિશાળ સ્પેરપાર્ટ લઇ પસાર થતા કન્ટેનર નં. જી.જે. ૧૨ એ.યુ.૭૪૮૭ , જી.જે. ૧ યુ.યુ.૧૮૧૭ , જી.જે. ૦૫ બી.૫૭૦૯ અને જી.જે. ૧૨ યુ.૫૪૮૭ પસાર થતા પાલિકાની સ્ટ્રીટ લાઇટના ધોકા, સીએએલ લેંપને ભારે નુકશાન થતા તેની સામે પગલા લેવા માંગણી કરવામાં આવી છે.

# અમરેલીના જીમખાના ગ્રાઉન્ડમાં વાંણદ યુવાન ઉપર તિક્ષણા હથીયાર વડે હુમલો

### અગાઉ થયેલ ફરિયાદનું સમાધાન કરવા બોલાવી તિક્ષણ હથીયારો વડે ઇજા પહોંચાડી

અમરેલી,

અમરેલી માં કેરીયારોડ રઘુપતિ નગરમાં રહેતા વિજયભાઇ મનહરભાઇ પોપટાણી ની સાથે અગાઉ પયેલ પોલીસ ફરિયાદનું સમાધાન કરવા બાબતે સાગર જયંતિભાઇ તળાવીયા તથા તેની સાથેના તેના ત્રણ સંબંધી ઓ એ સમાખાન કરી લેવાનુ કરી મોડુ કરશો તો નુકશાન થશે તેવુ જણાવી તિક્ષણ હથીયાર અને બોથડ પદાર્થ વડે ઇજા પહોચાડયાની ફરીયાદ ઇજાગ્રસ્તના પત્ની શ્રેયાબેન વિજયભાઇ પોપડાણી એ નોંધાવતા એ.એસ.ઇ સી.વી બારોટ તપાસ ચલાવી રહયા છે.

# ધારીના દેવળા ગામમાં વીજ કરંટનો ભોગ બનેલ વૃધ્ધનું મોત નીપજયું

### વૃધ્ધને કરંટ લાગતા સારવાર માટે અમદાવાદ ખસેડાતા મોત

અમરેલી, ધારીના દેવળામાં રહેતા પ્રાગજીભાઇ ગોવિંદભાઇ વેકરીયા (ઉ.વ.૭૦) ગત તા.૨૩-૬-૧૫નાં પોતાના ઘરે અગાશીમાં ઇલેકટ્રીક કરંટ લાગતા તેને સારવારમાં અમદાવાદ દવાખાને ખસેડાતા તેનુ મોત થયાનું ધારી પોલીસ મથકમાં જાહેર થયેલ છે.

# ધારીના ગોવિંદપુરમાં પ્રાથમિક શાળામાંથી કોમ્પ્યુટરની ચોરી

### શાળામાંથી રૂ.૧૨,૫૦૦ની મતાની ચોરી થતા પોલીસમાં ફરિયાદ

અમરેલી, ધારીના ગોવિંદપુર પ્રાથમિક શાળામાંથી કોઇ તસકરો કોમ્પ્યુટરસીવીયુ બેટરીની ચોરી કરી લઇ ગયાની ફરીયાદ નોંધાઇ છે.આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર ધારીના ગોવિંદપુરની પ્રાથમિક શાળાના તાળા તોડી કોઇએ અંદર પ્રવેશી કોમ્પ્યુટર,સીપીયુ, બેટરી મળી કુલ રૂ.૧૨૫૦૦ની મતાની ચોરી કરી લઇ ગયાની ફરીયાદ નોંધાઇ છે બનાવની તપાસ એએસઆઇ યુ.કે.ગોહિલ ચલાવી રહયા છે.

## બેંકમાં ખાતુ ખોલાવવા બાબતે ગ્રાહક ગરમી પકડી ગયો

# સાવરકુંડલામાં એક્ષીસ બેંકના મેનેજર ઉપર પાઇપ વડે હુમલો

### મેનેજરને માર મારી આઇફોન મોબાઇલ પણ તોડી નાખ્યો

અમરેલી, સાવરકુંડલામાં મહુવા રોડ ઉપર આવેલા એક્ષીસ બેંકના મેનેજરને પાઇપ વડે મારમારી મોબાઇલ ફોનના ટુકડે ટુકડા કરી નાખી ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઇ છે. આ બનાવની વિગત અનુસાર સા.કુંડલા એક્ષીસ બેંકના મેનેજર હિરેનભાઇ નવીનચંદ્ર મુધાણીની સાથે સતીષ નિલેશભાઇ જોષીએ બેંકમાં ખાતુ ખોલાવવા બાબતે બોલાચાલી કરી તુ કેમ મારૂ ખાતુ ખોલી આપતો નથી તેમ કહી પાઇપ વડે માર મારી આઇફોન એપલને પાઇપ વડે તોડી નાખી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ સા.કુંડલા પોલીસમાં મથકમાં નોંધાવેલ છે.

# જાફરાબાદના હેમાળ ગામની સીમમાં અકસ્માતે કુવામાં પડેલા યુવાનનુ મોત

### કુવામાં પાણી જોવાજતા પગ લપસતા મોત નિપજયું

અમરેલી,

જાફરાબાદના હેમાળની સીમમાં અકસ્માતે કુવા કાંડેથી પગ લપસતા કુવામાં પડી ગયેલા યુવાનનુ મોત નિપજયુ હતુ.આ બનાવની પ્રાપ્તી વિગત અનુસાર જાફરાબાદના હોમાળમાં રહેતા રામજીભાઇ બીજલભાઇ ચૌહાણ (ઉ.વ.૩૫) પોતાની વાડીએ કુવામાં પાણી જોવા જતા અકસ્માતે કુવામાં પડી જતા તેનુ મોત થયાનુ નાગેશ્રી પોલીસ મથકમાં બચુભાઇ બીજલભાઇ ચૌહાણે જાહેર કરતા એ.એસ.ઇ.ડી.બી ડવ તપાસ ચલાવી રહયા છે.

# કુંડલાના નાળગામના દલિતોએ આવેદનપત્ર આપ્યું

### ભરવાડ સમાજ દ્વારા ભય ફેલાવાતા પગલા લેવા માંગણી



અમરેલી,સાવરકુંડલા તાલુકાના નાળગામના દલિતોએ ગામના જ ભરવાડ દ્વારા ઉભો કરતા ભય સામે એસપીને લેખિત રજુઆત કરી છે.સાવરકુંડલા તાલુકાના નાળ ગામના ભાલાભાઇ કરસનભાઇ ખુમાણ અને કરસનભાઇ ખોડાભાઇ , રામાભાઇ દેવસીભાઇ, પાતાભાઇ કરસનભાઇ, માધાભાઇ લાખાભાઇ સહિતના દલિત મહિલા ભાઇ બહેનોનેએ ગામના ભરવાડ ભાભલુ જીવા, જીવા ધોહા, હરસુર જીવા, નરેશ કાળુ, રાઘવ નારણ, વાલા રેવા, સોમા ટપુ સહિત ભરવાડ સમાજ દ્વારા અવાર નવાર દલિતોને અપશબ્દો બોલી હેરાન પરેશાન કરતા હોય અને ભય બતાવતા હોય જેની સામે કડક પગલા લેવા માંગણી કરી છે. દિન ૧૦ માં ઉકેલ નહિ આવે તો દલિતો ગામમાંથી હિજરત કરી ઉપવાસ આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

# બગસરાની સગીરાના અપહરણની પોલીસની તપાસ ઢીલીઢફ : ઉગ્ર રોષ

### ફરિયાદ નોંધાવ્યાના બે માસ બાદ પોલીસ આરોપી પકડી શકી નથી

બગસરા,બગસરા વાંજા જ્ઞાતિની સગીરાના અપહરણના બનાવમાં બે માસ બાદ પોલીસને સગીરાની ભાળ નહી મળતા ઉગ્ર રોષ ફેલાયો છે.બગસરા પોલીસ મથકમાં દિનેશભાઇ નાથાભાઇ વાકોતરે ગત તા.૧૪-૭-૧૫નાં રોજ તેમની પુત્રી હિરલને અમદાવાદનો ચિરાગ નામનો યુવાન અપહરણ કરી લઇ ગયાની ફરીયાદ નોંધાવેલ હોયછતા બે બે માસ થવા છતા પોલીસ હજુ સુધી હિરલની ભાળ નથી મેળવી આપતા વાલીઓમાં રોષ ફેલાયો છે.

# વિંછીયા પરિવારના નિવાસ સ્થાને શ્રી શંકરસિંહ વાઘેલા



અમરેલીનાં શ્રી વિંછીયા પરિવારનાં નિવાસ સ્થાને મુલાકાત લીધી તે પ્રસંગે મુકેશભાઇ વાજસુરભાઇ વિંછીયા, ટીકુભાઇ વરૂ, વીરજીભાઇ ઠુંમર, શ્રી રવાણી, ધીરૂભાઇ દુધવાળા, જીતુભાઇ ગોળવાળા, ઠાકરશીભાઇ મેતલીયા, મુળશંકરભાઇ તેરૈયા, અર્જુનભાઇ શોસા, ધારાસભ્યશ્રી ઇન્દ્રનીલ રાજયગુરૂ,રાજકોટના વિજયભાઇ ચૌહાણ,હિતેષભાઇ પાટડીયા, રાજુભાઇ ઠાકોર, પિ.કે.સોળીયા, બાહુદરભાઇ ખુમાણ, નિલેષભાઇ વિંછીયા,ઉરખાન પઠાણ, મૌલીક ઉપાધ્યાય,કાશ્મીરાબેન નથવાણી વિ.ઉપસ્થિત રહ્યા હતા.

## અવસાન નોંધ

**બગસરા**

નિવાસી ઔદિચ્ય ગઢિયા બ્રાહ્મણ શ્રી જગુભાઇ આંબાશંકર પંડયા ઉ.વ.૭૨ જે તા.૧૩ના અષાઢ વદ ૧૨ને સોમવાર કૈલાશવાસી થયેલ છે. જેઓ મનોજભાઇ પંડયા શિ.પાઠક સ્કુલ અમરેલીના પિતાશ્રી તેમજ ભુમિકા મનોજકુમાર પંડયા આચાર્ય પે.સે.કન્યા શાળા લીલિયાના સસરાશ્રીની પ્રાર્થનાસભા અમરેલી એસ.ટી. ડિવીઝન સામે વૃદાવન પાર્ક-૧ રામેશ્વર મહાદેવ મંદિરે સાંજે ૪ થી ૫ કલાકે રાખેલ છે.

પહેલા પાનાનું

## રેલી

વડોદરા, ભરૂચ, મુંબઇ અને સ્થળોએ ધર્માદો સ્વીકાર કરે તે બાબતે આંદોલન ચાલે છે. વડતાલ મંદિરમાં નામદાર હાઇકોર્ટ દ્વારા બનાવવામાં આવેલ સ્કીમ અને ચુંટણીના કમિશ્નર દ્વારા જે હુકમ થયેલ છે તે મુજબ ધર્માદો સ્વીકારવાનું શરૂ કરવામાં આવે અને ગૃહસ્થ ભક્તોને પાવતી બુકો આપવામાં આવે તેવી હરિભક્તોની માંગ છે. તેમ જણાવ્યું હતું. આવેદનપત્ર આપતિ વેળાએ અનેક સત્સંગઓ હરિભક્તો ઉમટી પડયા હતા.

## નિધન

ધારીમાં ઘેરા શોકની લાગણી ફરી વળી છે. આજે રાજકોટ ખાતે શ્રી ભીખુભાઇ વિસામણભાઇ ધકાણ (ઉ.વ.૭૩)નું નિધન થયુ હતુ અને તેમના નિધનના સમાચાર મળતા જ ધારીની સોની બજારે શોકમય બંધ પાળ્યો હતો અને પરજીયા સોની સમાજ સહિત તમામ સમાજના લોકો તથા વિવિધ ક્ષેત્રના આગેવાનોએ ધારી ખાતે તેમની અંતિમ યાત્રામાં જોડાઇ શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. તે જયંતિભાઇ ધકાણ રાજકોટ,મહેન્દ્રભાઇ ધકાણ અમરેલી, પુષ્પાબેન દેવરાજભાઇ ચૌહાણના ભાઇ તથા અશ્વિનભાઇ ધકાણ, ચન્દ્રકાંતભાઇ ધકાણ, ભાવેશભાઇ ધકાણના પિતાશ્રી,મયુર ધકાણના દાદા થાય.

### ચલાલાના જરપરામાં જુગાર રમતા પાંચ ઝડપાયા

અમરેલી,

ચલાલાના જરપરામાં જાહેરમાં તીનપતીનો જુગાર રમતા સાગર રાજુ, ગૌતમ રમેશ સોલંકી, લલીત મેઘા સોલંકી, કિશોર મોહન સોલંકી, અલ્પેશ સોલંકીને રોકડ રૂ.૭૧૦ સાથે હે.કોન્સ. ડી.બી.સોલંકીએ ઝડપી લઇ ગુનો નોંધેલ છે.

# અમરેલી જિલ્લાના ધરતીપુત્રોને ન્યાય આપવા માંગણી કરાઇ

### જિલ્લા ખેડૂત હિતરક્ષક સમિતિએ કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું

અમરેલી,અમરેલી જિલ્લામાં ૫૦૦ થી વધુ નાના મોટા શહેરમાં ભારે વરસાદથી ભારે નુકશાની, માલઢોરના મોત થયા છે. જમીનોનું ધોવાણ થયું છે. તેથી સરકારે યોગ્ય ન્યાય આપવા અને તેમ કરવામાં નહિ આવે તો આંદોલન કરવા ફરજ પડશે. તેવી ચિમકી સાથે શ્રી નંદલાલ ભડકણે આવેદનપત્ર પાઠવી રજુઆત કર્યાનું જણાવ્યું છે.



# અમરેલી સીટી સ્પેશ્યલ



રાત્રીના સમયે ઉપવાસી છાવણીની મુદ્દત પુરી થતા ગમે ત્યારે ગુનો દાખલ કરાશે તેવી શકયતા વચ્ચે

# અમરેલીમાં ઉપવાસી છાવણીની મુદ્દત વધારતુ સરકારી તંત્ર

**તા.૧૪ના રોજ રાજકમલ ચોકમાં બેઠેલ છાવણીની મુદ્દત પુરી થઇ ગઇ હતી**

અમરેલી,

રાત્રીના સમયે ઉપવાસી છાવણીની મુદ્દત પુરી થતા ગમે ત્યારે ગુનો દાખલ કરાશે તેવી શકયતા વચ્ચે

**મુદ્દત પુરી થતા કોંગ્રેસ દ્વારા વધારે મુદ્દતની માંગણી કરવામાં આવી હતી**

આજે અમરેલીમાં ઉપવાસી છાવણીની મુદ્દત વધારાઈ હતી.તા.૧૪ના રોજ રાજકમલ ચોકમાં બેઠેલ છાવણીની મુદ્દત પુરી થઈ ગઈ હતી મુદ્દત પુરી થતા કોંગ્રેસ

**સરકારી તંત્રએ પોલીસનો અભિપ્રાય નકારાત્મક હોવાનુ જણાવી ઇન્કાર કરેલ**

દ્વારા વધારે મુદ્દતની માંગણી કરવામાં આવી હતી.

પરંતુ સરકારી તંત્રએ પોલીસનો અભિપ્રાય નકારાત્મક

**આખરે સરકાર દ્વારા આંદોલનકારીની છાવણીની મુદ્દત વધારી દેવામાં આવી**

હોવાનુ જણાવી ઈન્કાર કરેલ આખરે સરકાર દ્વારા આંદોલનકારીની છાવણીની મુદ્દત વધારી દેવામાં આવી આવી હતી.

## સરકારની ઝડપી સહાય અને મદદ મળતા ધંધા રોજગાર પુર્વવત

**અતિવૃષ્ટિ બાદ સરકારી તંત્રની સમયસરની સહાય અને મદદ મળતા ગ્રામ્યલોકોના ધંધા,રોજગાર પુનઃ ધમધમતા થઇ ગયા**

અમરેલી,

અમરેલી જિલ્લા અતિવૃષ્ટિથી ભારે નુકસાન થતા સમયસર સહાય અને મદદ મળી રહેતા ધંધા, રોજગાર પુનઃધમધમતા થયા છે જેના એક ભાગરૂપે વડીયામાં ઘંટી ચલાવતા બોદરભાઈ ડોડીયાએ જણાવ્યુ કે અમે આટલો વરસાદજોયો ન હતો છતાયે વીજતંત્રએ થોડા દિવસોમાં જ વિજપુરવઠો શરૂ કરી દેતા ઘંટી શરૂ થઈ અને ઉપાર્જન પણ શરૂ થયું છે.

એજ રીતે વડીયાના લીલાબેન છગનભાઈ કાનાણીએ જણાવ્યું કે હોનારતની અમને કલ્પના નોતી- વરસાદ રહીયો અને ગામમાં સૌ કોઈએ બનતી મદદ કરી અમોને જમાડયા અને પાંચ દિવસ વિતાવ્યા હવે રોજગારી બધુ રાબેતા મુજબ થયુ છે સફાઈ કાર્યવાહી પણ ચાલી છે રોગચાળો પણ ફેલાયો નથી.

વડીયા તાલુકામાં સૌના સહયોગથી અતિભારે વરસાદનીઆધી વખતે ગ્રામજનો ઝીક ઝીલી શકયા.રાહતકાર્યો અને લોકોને સલામત ખસેડાયા અને સંસ્થાઓએ રસોડુ ચલાવી જઠરાગ્નિ ઠાર્યા છે તેમ મામલતદાર મહેશભાઈ બાવચંદભાઈ પટોળીયાએ જણાવ્યું છે પ્રશ્નના ધોરણો, રાહત કામગીરી,કેશડોલ, રસ્તા સમારકામ, ખેતીના વીજળી કનેકશન , સફાઈ સહિત કામગીરીની વિગતો લીલાબેન છગનભાઈ કાનાણી અને બોદર અમિનભાઈ મિસ્ત્રી બાવચંદભાઈ, છગનભાઈ, જયનતિભાઈ,ખીમભાઈ, ભીખાભાઈ વોરાએ આપી સંતોષ વ્યકત કર્યો હતો.

## અમરેલીમાં કોંગ્રેસના આંદોલનને શ્રીમતિ અલ્પા ઉનડકટનો ટેકો : છાવણીની મુલાકાતે

જુનાગઢ (હિતેષ પારેખ),ગુજરાત કોંગ્રેસના આગેવાન અને પુર્વ કોર્પોરેટર શ્રીમતિ અલ્પાબેન ઉનડકટ દ્વારા અમરેલીમાં ચાલી રહેલા કોંગ્રેસના આંદોલનને ટેકો આપવા તેઓએ અમરેલી આવી અને વ્યાજબી માંગણીઓ માટે કોંગ્રેસ આમ આદમી સાથે જ છે તેમ જણાવી જરૂર પડયે જુનાગઢ પણ આ લડાઈમાં કુદી પડશે તેમ જણાવ્યું છે.

## ચાંદગઢમાં ૨૧ દિવસમાં અધિકારીઓ ફરકયા નથી

ચાંદગઢ,

ચાંદગઢમાં અતિવૃષ્ટિની ભારે નુકસાન થયુ છતા ૨૧ દિવસમાં સરકારના અધિકારીઓ પણ ફરકયા નથી તેમ પુર્વસરપંચ કનુભાઈ ઠાકરે જણાવ્યુન છે વધુમાં એવુ પણ જણાવ્યું કે આપણા વડાપ્રધાન વિદેશ છે અને મુખ્યમંત્રી વ્યસ્ત છે તેથી કોઈ ફરકયુ નથી ૨૧ દિવસમાં કોઈ નેતા પણ ફરકયા નથી અને સરકારે પણ કોઈ તપાસ કરી નથીને દુઃખદ ઘટના છે ત્રણ ત્રણ નદીઓની વચચે આવેલા ગામમાં ભારે મુશ્કેલી હોયનું કનુભાઈ ઠાકરે જણાવ્યું છે.

## પેકેજને આવકારતા અમરેલી જિલ્લા ભાજપના આગેવાન શ્રી શૈલેશ પરમાર

**રાજય સરકારે કરેલી ઝડપી કામગીરી આવરકારદાયક**

અમરેલી જીલ્લામાં જે રીતે કુદરતી જળ હોનારતની પરિસ્થિતી સર્જાણી હતી તેમાં પરિસ્થિતીને પહોંચી વળવા ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારમાં લાઈટ, રસ્તા, આરોગ્ય, સફાઈ, મૃત પશુઓનો નિકાલ, ઘાસચારો, જમીન ધોવાણનો સર્વે સહિત ત્વરીત ઝડપી કામગીરી કરી હતી. જેમાં રાજય સરકાર દ્વારા આજરોજ માન.મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ તળે શ્રી નિતીનભાઈ પટેલની અધ્યક્ષતામાં અને શ્રી સૌરભભાઈ પટેલ, શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને શ્રી બાબુભાઈ બોખીરીયાની સમિતિ દ્વારા અમરેલી જીલ્લાના પુર અસરગ્રસ્ત લોકોના પુનર્વસન માટે રાહત પેકજ જાહેર કરેલ છે. જમીન ધોવાણ, પાક ધોવાણ, મકાન, ઘર વખરી, દુકાન, પશુ માટે સહાય કરતુ પેકેજ જાહેર થતા રાજય સરકારના આ પેકેજને આવકારી છીએ. તેમ મિડીયા સેલના શૈલેષ પરમારની યાદીમાં જણાવાયુ છે.

## અમરેલીમાં વરૂણદેવને રીઝવવા અખંડ ધુન યોજાઇ



અમરેલી જેશીંગપરામાં વરૂણદેવને રીજાવવા અખંડ ધુન કાર્યક્રમ યોજાયો હતો. તે વેળાની તસવીરમાં ભાવિકો નજરે પડે છે.

**પુર અસરગ્રસ્ત ગામોમાં**

## અમરેલી માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ દ્વારા ફુડપેકેટો વિતરણ કરાયા

**કોલેજ દ્વારા સ્કૂલ સફાઇનો કાર્યક્રમ યોજાયો**

અમરેલી, અમરેલી માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલજ દ્વારા પુરઅસરગ્રસ્ત ગામડાઓમાં ફુડપેકેટ વિતરણ તથા સ્કૂલ સફાઈનો કાર્યક્રમ યોજાયો હતો. કોલેજના એનસીઆઈ ઓફીસર પ્રા. સવિતાબેન ડી.પરમાર એનએસએસ પ્રાગભાઈ, ઓફીસર પ્રા. સોનલબેન જી.ગજજર તથા પ્રા. ડો. એમ.જે. પટોળીયાના માર્ગદર્શન તળે ૨૦ વિદ્યાર્થીનીઓએ કેરાળા ગામોની મુલાકાત લઈ ફુડપેકેટોનું વિતરણ કર્યુ હતું. કેરાળા પ્રા.શાળામાં સફાઈ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ સફળ બનાવવા પ્રિન્સીપાલ ડો. સેન સ્ટાફ હોસ્ટેલના રસોયા વિજયભાઈ એ ફુડપેકેટો તૈયાર કર્યા હતા.

## બી.એન.વિરાણી સાયન્સ કોલેજનું ૧૧ સાયન્સ બીજા સેમેસ્ટરનું રિઝલ્ટ ૯૧ ટકા

અમરેલી, અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ બી.એન.વિરાણી સાયંન્સ કોલેજનું ૧૧ સાયંન્સ બીજા સેમેસ્ટરનું રિઝલ્ટ ૯૧% આવેલ છે. જેમાં એ.ટુ ગ્રેડ સાથે સંકુલની ૧૦ વિદ્યાર્થી નીઓ ઉતિર્ણ થયેલ છે. જેમાં ૯૦ યુ.પી. ૩૯ વિદ્યાર્થીનીઓ ઉતિર્ણ થયેલ છે. ૮૦ યુ.પી.-૯૦ વિદ્યાર્થીની તેમજ ૭૦ યુ.પી.૧૭૦ વિદ્યાર્થીની ઉતીર્ણ થયેલ છે આ ઉચ્ચ પરિણામને સંસ્થાના પ્રમુખશ્રી વસંતભાઈ ગજેરા ઉ.પ.શ્રીમનુભાઈ કાકડિયા, નિયામકશ્રી મનસુખભાઈ ધાનાણી, શ્રી ચતુરભાઈ ખુંટ તમામ ઉતીર્ણ વિદ્યાર્થીનીને અભિનંદન પાઠવે છે. ગ્રામ્ય કક્ષાએથી આવતી વિદ્યાર્થીનીઓને પણ આ સંસ્થામા પ્રોત્સાહન આપી આગળ અભ્યાસમાં માર્ગ દર્શન આપવામાં આવે છે.

## અમરેલીમાં અધિક માસની ઉજવણી



અમરેલીના પોલીસ હેડ કવાર્ટર ગોપનાથ મંદિરે મહિલા મંડળ દ્વારા અધિક માસની ઉજવણી કરવામાં આવી હતી. તે વેળાની તસવીરમાં નજરે પડે છે.

## અમરેલી મદદ કાર્યાલય માર્ગને સ્વ. કશ્યપ જોષી માર્ગ નામ આપવા માંગ

**ન.પા.પ્રમુખશ્રીને ભાજપ બક્ષીપંચ શહેર મોરચા પ્રમુખશ્રી સોલંકી દ્વારા રજુઆત**

અમરેલી,

અમારા વડિલ મિત્ર કશ્યપભાઈ જોષીનું થોડા સમય પહેલા અવસાન થયેલ. સ્વ. કશ્યપભાઈ જોષી પ્રતિષ્ઠિત વકીલ રાજય આયોજન પંચના સભ્ય હતા. તેઓ ભારતીય જનતા પાર્ટીના પાયાના પથ્થર અને સક્રિય કાર્યકર હતા. સ્વ. જોષી શ્રી રૂપાલાના મદદ કાર્યાલયે લોકહિતના કાર્યો માટે દરેક વર્ગને મદદરૂપ થતા હતા. જેથી મદદ કાર્યાલય આગળ પસાર થતા માર્ગને સ્વ. કશ્યપભાઈ જોષી માર્ગ નામ આપવામાં આવે તો એક કર્તવ્ય નિષ્ઠ વ્યકિતને સાચી શ્રધ્ધાંજલી ગણાશે. તેમ કમલેશભાઈ સોલંકીની યાદીમાં જણાવેલ છે.

## અમરેલી સરસ્વતી વિદ્યામંદિરમાં ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

**અમરેલી જિલ્લા શિ. સમિતિના ચેરમેનશ્રી ભુપેન્દ્રભાઇ બસીયા તથા ડો.જી.જે.ગજેરા અને આગેવાનોની ઉપસ્થિતી**

અમરેલી,

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન શ્રીસરસ્વતી વિદ્યામંદિર અને શિવાજી છાત્રાલય નવનીત સ્કુલ ઓફ સાયન્સનો ત્રિવિધ કાર્યક્રમ યોજાયેલ જેમાં લાયન્સ કલબ ઓફ અમરેલીના સ્વ.ડો.ભીખુભાઈ કાકડીયાની ૧૫મી પુણ્યતિથી નિમિતે ધો.૧થી૧૨ના તેજસવી વિદ્યાર્થીઓને ઈનામ-પ્રમાણપત્ર વાલીઓની ઉપસ્થિતિમાં આપવામાં આવેલ કાર્યક્રમમાં ડો.જી.જે.ગજેરા, શિક્ષણવિદ ગીજુભાઈ ભરાડ, શિક્ષણ સમિતિના ચેરમેન ભુપેન્દ્રભાઈ બસીયાને વી.પી.રાવલ, શ્રીજીતુભાઈ ડેર, લા.બીમલભાઈ રામદેવપુત્રા, સેક્રેટરી ભુપતભાઈ ભુવા, નીતીનભાઈ પટેલ,રમેશભાઈ ગોલ, લા.એમ.એમ.પટેલ, ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા શિવાજી છાત્રાલયના સંચાલક શ્રી મજબુતભાઈ બસીયાએ જહેમત ઉઠાવી હતી તેમ પ્રધાનાચાર્ય પ્રિયલલા રાયજાદાની યાદીમાં જણાવાયું છે.

## અમરેલી શહેરમાં વરસાદી ઝાપટા પડયા

અમરેલી,

વરસાદની હવે લોકોને જરૂરીયાત છે ત્યારે આજે તા. ૧૫મીના રોજ અમરેલી શહેરમાં વરસાદના વહેલી સવારથી જ હળવા ઝાપટા પડવા શરૂ થયા હતા.

# અમરેલીમાં મસ્જિદે જમીલા ખાતે ઇફતાર કાર્યક્રમ યોજાયો







અમરેલી,અમરેલીમાં મસ્જિદે જમીલા અને રમજાન માસ નિમિતે ઈફતાર કાર્યક્રમ યોજાયો ૪૦૦ જેટલા બિરાદરો ઉપસ્થિત રહયા હતા રમજાન માસમાં દાતાઓ તરફથી ઈફતારી કરવામાં આવે છે તે મુખ્ય આયોજન જુમ્મા મસ્જીદ ટ્રસ્ટના પ્રમુખ હાજી નાનભાઈ બીલખીયા, હાજી અમીનભાઈ ભંગારવાળા, હાજી બસીર ફુટવાળા, હાજી રફીકભાઈ ફુલવાળા, હાજી તૌફીકભાઈ નગરીયા હાજી વહાબભાઈ ડબાવાલા તથા બાબુભાઈ અજમેરીએ સેવા આપી હતીઆ મસ્જીદમાં મૌલાના એજાજ પેટા ઈમામ તરીકે ફરજ બજાવી છે તેમજ મૌલાના ફારૂક પણ સેવાઓ આપે છેસાવરકુંડલાના પીરે તરીકત સુફી સૈયદ સરકાર હાજી દાદાબાપુએ આ મસ્જીદના નિર્માણથી સતત માગદર્શન, પ્રોત્સાહન આપી છે.રમજાન માસમાં મૌસાના બસીર ફારૂકભાઈ લીલા, કાદરભાઈ કચરા, હારૂનભાઈ બીલખીયા,ઈસ્લામભાઈ કાલવાતર, ઈમરાનભાઈ બિલખીયા, ફારૂકભાઈ, રજાકભાઈ તુરી, મમુબાપુ, વિગેરે સેવા આપે છે તેમ નાનભાઈ ઈસ્માઈલભાઈ બીલખીયાએ જણાવ્યું છે.

### ભારે પુરમાં તમામ એટીએમ ડુબી જતા બગસરામાં સર્જાયેલી ભારે મુશ્કેલીભરી સ્થિતિ

# બગસરામાં તમામ બંધ એટીએમ શરૂ કરો : શ્રી કોટડિયા

**કલેકટર શ્રી સુથારને પત્ર પાઠવી રજુઆત કરતા ધારાસભ્યશ્રી નલીનભાઇ કોટડિયા**

**બગસરાના ખાનગી અને રાષ્ટ્રીયકૃત છ એ છ એટીએમ બંધ હાલતમાં છે**

**નાણા ઉપાડવા માટે ગ્રાહકોની કતારો લાગે છે અને બેન્કમાં ભીડ જામે છે**

**તમામ એટીએમ તાત્કાલીક શરૂ કરવાની માંગણી કરતા શ્રી નલીનભાઇ કોટડિયા**

બગસરા,

બગસરામાં પુરને કારણે ખાનગી અને રાષ્ટ્રીયકૃત બેંકો એસબીઆઈ, બીઓબી, દેના, એકસીસ, બેંક ઓફ ઈન્ડિયા અને આઈસીઆઈસીના એટીએમ ખરાબ થઈ જતા ૨૦ દિવસથી શરૂ નથી થયા જેને કારણે લોકો બેંકમાં કતારો માં નાણા ઉપાડવા ઉભા રહે છે અને સમયની બર્બાદી થાયછે તેને શરૂ કરવા ધારાસભ્યશ્રી નલીનભાઈ કોટડીયાએ કલેકટરશ્રીને રજુઆત કરી છે.

## સોમનાથમાં જીવનસાથી પસંદગી મેળો યોજાશે

અમરેલી,

સોમનાથ અનુ.જાતિના યુવક-યુવતિઓ માટે સોમનાથ ખાતે શેડયુલ કાસ્ટ વેલફેર એસો.ઓફ સોમનાથ ખાતે જીવનસાથી પસંદગી મેળો યોજાશે પસંદગી મેળામાં જોડાવવા ઈચ્છુક યુવક-યુવતિઓએ અરજી ફોર્મ તા.૮-૮-૧૫ સુધીમાં ભાગવાનભાઈ સોલંકી મુ.સોનાપરીયા તા.વેરાવળને મોકલી આપવું.

## લાઠીમાં અધિક માસે ગોરપુજન



લાઠી દુઃખ ભજન મહાદેવ મંદિરમાં અધિકમાસ નિમિતે કાંઠા ગોરમાના પુજન કરતી ગોપીઓ તસવીરમાં નજરે પડે છે (તસવીર:મહેશગીરી ગૌસ્વામી લાઠી)

## ઉના તાલુકાના આગેવાનો છારોડી ગુરૂકુળની મુલાકાતે

**શિક્ષણની સાથે સંસ્કારનું ઘડતર : આગેવાનો પ્રભાવિત**



ઉના,છારોડી એસજીવીપી ગુરૂકુળની ઉના તાલુકાના સરપંચો અને આગેવાનોએ મુલાકાત લેતા બાલકૃષ્ણદાસજી સ્વામી અને કનુ ભગતે આગેવાનોને આવકાર્યા હતા. જેમાં પરષોતમભાઈ ઠુંમર , ઉના ચેમ્બર ઓફ કોમર્સ પ્રમુખ,શ્રી નરસિંહભાઈ ડોબરીયા સંઘના પ્રમુખ, કનુભાઈ જસાણી સરપંચશ્રી ફાટસર, કાળુભાઈ રૂપાલા-મહામંત્રીગીરગઢડા, ભવાનભાઈ રાણપરીયા-સરપંચ મોલી, દ્વારકાદાસ દોમડીયા સરપંચ વડવીચાળા, કલ્યાણભાઈ રાખોલીયા સરપંચ નાળીયેરી પોલી, ધીરૂભાઈ ગજેરા સરપંચ નાના સમઢીયાળા, ચંદુભાઈ રાણપરીયા-સરપંચ વડલી, ગોકળભાઈ ચોવટીયા ભાજપ કાર્યકર, નરેશભાઈ ત્રાપસીયા સરપંચ જામવાળા અશ્વિનભાઈ કથીરીયા-ભાજપ કાર્યકર વિ.એ ગુરૂકુળની શૈક્ષણિક , સામાજીક પ્રવૃતિ નિહાળી પ્રભાવીત થયા હતા.

## સરસીયામાં વારસદારને ચેક અર્પણ

**પ્રધાનમંત્રી જીવનજયોતિ વિમા યોજના તળે સહાય**



અમરેલી,પ્રધામંત્રી જીવન જયોતિ વિમા યોજના તળે ધારી તાલુકાના સરસીયા ગામે દેના બેંકની શાખાના ખાતેદાર ભરતભાઈ રવજીભાઈ ચાવડાનુ નિધન થતા તેમના પિતા વારસદાર રવજીભાઈ મધુભાઈ ચાવડાને રૂ.બે લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં દેના બેંકના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા. તેમ કેયુર ભટ્ટની યાદીમાં જણાવાયું છે.પ્રધાનમંત્રી દ્વારા તમામ લોકોને વિમણા કવચથી આવરી લેવા જીવન જયોતિ વિમા યોજના જાહેર કરાઈ છે અને કોઈપણ બેંક ખાતેદાર પોતાની બેંક દ્વારા તેમાં જોડાઈ શકે છે. દેશના સમગ્ર નાગરિકોને આ રીતે વિમા કવચથી આવરી લેવાની યોજના તળે ભાવનગર શહેર અને જિલ્લામાંથી મોટી સંખ્યામાં લોકો જોડાયા છે અને આવા જ એક નાગરિકના પરિવારને વિમાની રકમનો લાભ મળ્યો છે.

## પુરપ્રકોપ મદદે અમરેલી જિલ્લા કોળી સમાજ સંઘ

અમરેલી,અમરેલી જિલ્લામાં પુરગ્રસ્તોની મદદમાં અમરેલી જિલ્લા કોળી સમાજ સંઘની અલગ અલગ સેવાભાવી ટીમોએ અસરગ્રસ્ત વિસ્તારોમાં ઘરમા માટીના કચરાના ઢગલા સફાઈ ફુડ પ્રેકટ.રોકડ રકમ મદદરૂપ બન્યા હતા.અમરેલી તાલુકો વડીયા-ધારી ગ્રામ્યવિસ્તારમાં પુરગ્રસ્તોની મદદે કોળી સમાજની વિવિધ સેવાભાવી સંસ્થામાં અમરેલી શહેર કોળી સમાજ પ્રમુખ શ્રીહાર્દિકભાઈ સોલંકી, શ્રીઅજય ભાઈ ડાભી, શ્રીલાલજીભાઈ સોલંકી, શ્રીશિવાભાઈ ગગાજણીયા જિલ્લા પ્રમુખશ્રી રમેશભાઈ ગોહિલ, શ્રીકનુભાઈ અધેરા, શ્રીસવજીભાઈ ડાભી, શ્રીદિપકભાઈ ચૌહાણ, શ્રીખુશાલભાઈ મકવાણા વગેરે આગેવાની ટીમો સાથે મદદરૂપ બન્યા હતા અમરેલી જિલ્લા કોળી સમાજ સંઘ પ્રમુખશ્રી રમેશભાઈ ગોહીલની યાદી જણાવે છે.

## ધારાસભ્યશ્રી કોટડીયાના અધ્યક્ષસ્થાને બગસરાના ડેરપીપરીયા ખાતે અસરગ્રસ્તોને ચેકનું વિતરણ કરાયું





ધારી બગસરા મતવિસ્તારના ધારાસભ્ય નલીનભાઈ કોટડીયાના અધ્યક્ષસ્થાને તેમજ નવી મુંબઈ ગુજરાતી મીત્ર મંડળ(ગુજરાતી સમાજ)ના પ્રતિનિધી ઉધોગપતિશ્રીચતુરભાઈ ઠુંમર, શ્રીહરસુખભાઈ કાનાણી, શ્રીકૌશિકભાઈ પટેલ, શ્રીજયંતિભાઈ કોટડીયા, શ્રીમહેશભાઈ કથીરીયા, શ્રીરમેશભાઈ ગજેરા, શ્રીભરતભાઈ રાદડીયા, શ્રીશશિકાંતભાઈ ભાદણી, શ્રીજીવરાજભાઈ ખુટકારા ચેક અસરગ્રસ્તોને અર્પણ કરવામાં આવેલ.

## ગારીયાધાર તાલુકામાં ગ્રામસભાઓ ડીંડક બની

**ગ્રામસભાઓમાં ગ્રામજનોની ગણી ગાંઠી હાજરી**

ગારીયાધાર,

ગારીયાધાર તાલુકાના ગામડાઓમાં છેલ્લા દસ દિવસથી ગ્રામસભાઓનું આયોજન કરીને ગ્રામસભા યોજાઈ હતી. જેમાં ગ્રામજનોની નહીવત હાજરી હોવાથી તમામ સભાઓ ડીંડક બની રહેતી હોય તેવું લાગી રહ્યું છે.

તાલુકાના ૪૮ ગામોમાં તા. ૩/૭ થી તા. ૧૦/૭ સુધીમાં ટીડીઓ, મામલતદાર, પીજીવીસીએલ, ટીપીઓ અને આરોગ્ય અધિકારીઓ દ્વારા ટીમવર્કથી આયોજન પૂર્વક ગ્રામસભાઓનું આયોજન કરેલ પરંતુ ગ્રામસભા હોય તે ગામોમાં ગ્રામજનો હાજર ન રહેતા ગ્રામસભા માત્ર કાગળ પુરતી જ પુરી કરી દેવાય છે. અને સરપંચો દ્વારા ગામમાં નિકળી ગ્રામજનોની સહીઓ લેવાઈ છે. બીજી તરફ તા.પં. ના અધિકારી અને ત.ક.મ.ની મિલીભગતથી ગ્રામસભાનું રીપોર્ટીગ કરી જિલ્લા કક્ષાએ મોકલી દેવાય છે. આ રીતે ગ્રામસભામાં કોઈપણ પ્રશ્નોનો નિકાલ થતો નથી.

### ગુજરાત પ્રદેશ ભાજપના અનુસુચિત જાતિ મોરચાની બેઠક યોજાઇ

ગાંધીનગર,ભાજપના અનુસુચિત જાતિ મોરચાની પ્રદેશ પ્રમુખ અંબાલાલ રોહિતની અધ્યક્ષતામાં અને પ્રદેશ અધ્યક્ષશ્રી ફળદુ, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષશ્રી દિનેશ શર્મા અને શ્રી રૂપાલા તથા ભીખુભાઈ દલસાણીયા સહિતના આગેવાનીની ઉપસ્થિતીમાં યોજાયેલ બેઠકમાં બાબા સાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મ જયંતિ માટે વિચાર વિમર્શ કરાયો હતો.

### કૃષ્ણકુમારસિંહ ભાવનગર ગામ સુધારણા ફંડમાંથી સહાય મળવા ભાવનગર કલેકટરશ્રીને રજુઆત

ભાવનગર,અતિભારે વરસાદના કારણે શેત્રુંજી નદીના કાંઠાના ભાવનગર જુના રાજય સ્થિત ગામોને થયેલ નુકશાન આપવા જિલ્લા કલેકટરશ્રી ભાવનગરને ગારીયાધાર તાલુકા કોંગ્રેસ પ્રમુખ હબીબખાન બ્લોચ, સરપંચ નાથુબા ઉપરખા પઠાણ ખાલપર તા. સાવરકુંડલા, મોટા લીલીયાના પૂર્વ તા.પં.ના સદસ્ય રહીમભાઈ કુરેશીએ લીલીયા તાલુકાના ગામો આંબા, લોકા, ભેંસવડી, લોકી, નાના લીલીયા, શેઢાવદર, ક્રાંકચ, બળવાડી, બવાડા, ઈગોરાળા તેમજ સા.કુંડલા તાલુકાના જુના સાવર, કેરાળા, ખાલપર, ધોબા, પીપરડી, રાણીગામમાં સહાય મળી રજુઆત કરી હતી.

## બાબરા નગરપાલિકા એ માહીતી ન આપતા અરજદારે પાલિકા સામે પ્રથમ અપીલ કરી

**તા. ૨૨ જુલાઈએ સતાધીશોને ગાંધીનગરથી તેડુ : બાબરામાં ભારે ચકચાર**

બાબરા,

બાબરાના જાગ્રુત નગર તેજસભાઈ તન્ના એ બાબરા નગરપાલિકા પાસે તા.૧/૧/૨૦૧૫ ના રોજ અધિનિયમ-૨૦૦૫ તળે અગત્યની માહીતી માંગતા બાબરા પાલિકા ના કર્મચારી ઓ ના અધરતાલ જવાબ અને માહિતી આપવાની મુદત પુર્ણ થતા પણ માહીતી ન આપતા. અરજદાર તેજસભાઈ તન્નાએ કલેકટર ઓફીસ ખાતે નગરપાલિકા સામે પ્રથમ અપીલ દાખલ કરી છે.

વિગત મુજબ માહીતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ તળે તા૧/૧/૨૦૧૫ ની અરજીથી માહીતી અવિધકારકાયદા હેઠળ જાહેર માહિતી અધિકારી શ્રી-વ-ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ ગાંધીનગર સમક્ષ ૧-થી-૫ મુદાની માહિતી માંગજલ હતી.

જે.પૈકી માહિતી તેવોશ્રી પુરી પાડીગાન્ટનાઉપયોગ અંગેની માહિતી બાબરા નગરપાલિકા પાસે મેળવી લેવા જણાવેલ પરંતુ જાહેર માહિતી અધિકારીશ્રી-વ-ચીફ ઓફીસરશ્રી બાબરાતરફથી વાદી ને માહિતી પુરી ન પાડતા તેમણે મુખ્ય કારોબારી અધિકારી ગુજરાય મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ ગાંધીનગર સમક્ષ તા.૨૬/૫/૨૦૧૫ ના રોજ અપીલ કરતા તેમણે તા.૩૦/૫/૨૦૧૫ ના પત્રથી અપીલ અરજી ચલાવવા અપ્રે ને તબદેલ કરગલ છે. આ અંગે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ -૧૯ (૧)ની જોગવાઈ અન્વયે વાદગ્રસ્ત અપીલ અંગે નિર્ણય લેતા પહેલા પક્ષ કારો ને રૂબરૂ સાંભળવાના થાય છે જેથી જરૂરી આધાર પુરાવા સાથે જાતેઅગર અધિકૃત મુખત્યાર મારફતે તા.૨૨/૭/૨૦૧૫ ના રોજ-૧૧:૦૦ વાગે કલેકટર કચેરી ખાતે મલ્લિા મ્યુનિસિપલ ઓફીસર સમક્ષ હાજર રહેવા જણાવેલ છે.

બાબરા નગરપાલીકા માં લાખો રૂપિયા ના ભ્રષ્ટાચાર અંકોની માહિતી માગવામાં આવી છે. આ મુદા એ શહેરમા ભારેચર્ચા જણાવી છે.

## નરસી મહેતા યુનિવર્સીટી માટે ખરડો આવશે

જુનાગઢ,

જુનાગઢના ધારાસભ્યશ્રી મશરૂ અને શ્રી ખીમાણીએ શિક્ષણમંત્રીશ્રી ચુડાસમાને કરેલી રજુઆતથી શ્રી ચુડાસમાએ વિધાનસભામાં ખરડો લાભી તાત્કાલીક નરસી મહેતા યુનિવર્સીટી શરૂ થાય તેવા પ્રયત્નો કરવા ખાત્રી આપી હતી.

## વિસાવદરમાં પટેલ સમાજનાં તેજસ્વી તારલાઓનું સન્માન



વિસાવદર,વિસાવદર સરદાર પટેલ સેવાદળ દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન કાર્યક્રમ ધારાસભ્યશ્રી હર્ષદભાઈ રીબડીયાની ઉપસ્થિતિમાં યોજાયો હતો.જેમાં વિનોદભાઈ દેસાઈ, દિપકભાઈ વઘાસીયા(અમરેલી), વિનુભાઈ પડશાળા, ઘનશ્યામ સાવલીયા, કરશનભાઈ વડોદરીયા, ભરતભાઈ વીરડીયા તથા આગેવાનો ઉપસ્થિત રહયા હતા દાતાઓ અને વિધાર્થીઓનું સન્માન કરવામાં આવેલ સંચાલન મીતલબેન ઝાલાવડીયા આભારવિધી વિપુલભાઈ વેકરીયાએ કરી હતી.શ્રીસરદાર પટેલ શૈક્ષણિક સંકુલ માંડાવાડ ખાતે તા.૯-૭-૨૦૧૫ને ગુરૂવારના રોજ વિસાવદર સરદાર પટેલ સેવાદળ દ્વારા તાલુકાના ધોરણ-૧૨ તેમજ ૧૦નાં પ્રથમ,દ્વિતિય અને તૃતિય ક્રમે ઉર્તિણ થયેલ તેજસ્વી તારલાનો સરસ્વતી સન્માન સમારોહ યોજાયેલ હતો. શાબ્દિક સ્વાગત સરદાર પટેલ સેવાદળના પ્રમુખશ્રી રમણીક દુધાત્રાએ કરેલ હતુ. તેમજ સમારોહમાં ઉપસ્થિત ધારાસભ્યશ્રી હર્ષદભાઈ રીબડીયા, મન વિધાલયના સંચાલકશ્રી વિનોદભાઈ દેસાઈ, અમરેલી સરસ્વતી વિધાલયના સંચાલકશ્રીદિપકભાઈ વઘાસીયા નાયબ ઈજનેરશ્રી વિનુભાઈ પડશાળા, ઘનશ્યામભાઈ સાવલીયા, કરશનભાઈ વડોદરીયા, ભરતભાઈ વીરડીયાએ શિક્ષણ વિશે વકતૃત્વ આપી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધેલ હતા.

## બાબરાનાં વોલીન્ટીયર કોર ગૃપ દ્વારા ધર્મગુરૂની સાલગીરાહ નિમીતે અનાથ બાળકોને ભોજન કરાવ્યું



બાબરા, ખોજા જ્ઞાતિના ધર્મગુરૂ નામદાર આગાખાનના તખ્ત નશીની દિનના પ્રવિત્ર મુબારક દિવસની ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે ખોજાજ્ઞાતિના ઈન્ડીયા વોલીન્ટીયર કોરગૃપના અને લેડીઝ ઈન્ડીયા વોલીન્ટીયર કોર ગૃપ દ્વારા ધર્મગુરૂના પ્રવિત્ર દિવસે. બાબરા તાલુકાના ફુલઝર મુકામે આવેલ બાલાશ્રમના અનાથ બાળકો અને નિરાધાર વૃધ્ધોને ભોજન કરાવેલ અને આઈસ્કીમ ખવરાવેલ. તેમજ વાસાવડ મુકામે આવેલ પ્રવિત્રભવનમાં નિરાધાર દિકરીયુંને ભોજન કરાવેલ હતું. તેમજ નિરાધાર - દિકરીયુને ગૃપ દ્વારા ગીફટ આપવામાં આવેલ હતી. ધર્મગુરૂ તખ્તનશીની સાલેગ્રહના પ્રવિત્ર દિવસની ઉજવણી અનાથ બાળકો સાથે કરી માનવ સેવાનું ઉમદા ઉદાહરણ પુરૂ પાડેલહતું. પવિત્ર દિવસની ઉજવણીના કાર્યક્રમમાં લેડીઝ ઈન્ડીયા વોલીન્ટીયર કોર ગૃપ અને ઈન્ડીયા વોલીન્ટીયર કોર ગૃપના શોકતભાઈ ગાંગાણી, સોહીલ કોટડીયા, બહાદુરભાઈ કેશવાણી, તેમજ જમાતના આગેવાન નાદીરભાઈ ગાંગાણી, ઝુલ્ફીકાર (જુલા) ભાઈ ગાંગાણી, અલ્તાફભાઈ નથવાણીસહિત ખોજા જ્ઞાતિના લોકો દ્વારા ઉમંગાભેરના દિવસની ઉજવણી કરવામાં આવેલ હતી. તેમ અમારા બાબરાના પ્રેસ રીપોટર દિપક કનૈયાએ જણાવેલછે.

## ગળકોટડી ગામે વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ



અમરેલી,બાબરા તાલુકાના ગળકોટડી ગામે સુમન સેવા ટ્રસ્ટ દ્વારા વિનામુલ્યે યોજાઈ ગયેલ નેત્રનિદાન કેમ્પનું ઉદઘાટન બાબરા તા.પંચાયત સદસ્યશ્રી ચંદુભાઈ એમ. રાસડીયા તેમજ સરપંચ શ્રીમુળુભાઈ બી.વાળાના હસ્તે દિપપ્રગટાવી કરવામાં આવેલ.આ કેમ્પમાં ગળકોટડી ગામ તથાજુબાજુ ગામના વિસ્તારના આ કેમ્પમાં ભાગ લઈ સફળ બનાવેલ. શ્રીસી.જી.ડોડીયા નેત્રનિદાન કરી બાર કેશો મોતીયાના વિના મુલ્ય કરી આપવા તેમજ જરૂરીયાત લોકોને સ્થળ ઉપરથી રાહત દરે ચશ્મા વિતરણ કરેલ હતુ.આ કેમ્પનું આયોજન સુમન સેવા ટ્રસ્ટ અમરેલી પ્રમુખ શ્રીરમેશભાઈ ગોહિલે કરેલ હતુ.

### પૂર્વ સાંસદશ્રી વિરજીભાઇનો સવાલ-રાજુલા જાફરાબાદને પશુધનની સહાય કયારે ?

# રાજુલામાં વનતંત્રનું નવુ ડીવીઝન આપો : શ્રી ઠુમ્મર

**અમરેલી જિલ્લાને વનવિભાગનું વધારાનું ડિવીઝન મળે તેવી પણ કરાયેલી માંગણી**

**રાજુલા અને જાફરાબાદમાં અસંખ્ય સાવજો વસે છે અને માંદા પડે છે**

**એશિયાની શાન સિંહોને તત્કાલ સારવાર સ્થાનિક કક્ષાએ જરૂરી**

**રાજુલા અને જાફરાબાદના તણાયેલા જાનવરો માટે સરકાર પશુમાલિકોને સહાય કયારે ચૂકવશે**

રાજુલા,

જિલ્લાના પૂર્વ સાંસદશ્રી વિરજીભાઈ ઠુંમરે જણાવેલ કે, રાજુલા - જાફરાબાદ વિસ્તારમાં સિંહ દ્વારા ૧૪૦ પશુઓના મારણ થયા છે જેમાં હજુ સુધી સહાય નથી મળી અને પુરમાં તણાયેલા પશુઓના માલીકોને પણ સહાય નથી મળી તેને સહાય કયારે મળશે, વન્ય પ્રાણીની વસ્તી વધી છે તેથી રાજુલા અને જાફરાબાદમાં અસંખ્ય સાવજો વસે છે અને માંદા પડે છેએશિયાની શાન સિંહોને તત્કાલ સારવાર સ્થાનિક સારવાર જરૂરી હોય જેથી રાજુલામાં જ એક ડીવીઝન વનવિભાગનું ખુલવું જોઈએ. તેવી માંગણી પુર્વ સાંસદશ્રી વિરજીભાઈ ઠુમ્મરે કરી છે.

